## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, તમે ચોરી કરીને પાસ થઈ ગયા એટલે તમને આ નોકરી મળી ગઈ અને હું ચોરીમાં પકડાઈ ગયો જેથી, મારી જ સ્કૂલમાં ચોરી કરી ગુજરાન ચલાવું છું...

# સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ ક્રમે

### અત્યાર સુધી રાજ્યમાં ૧૦૩૫૫૪ ઘર વપરાશના ગ્રાહકોની છત પર સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત થઈ ગયેલ છે

ગાંધીનગર,તા.૨૫

રાજ્યના ઘર વપરાશના વીજ જોડાણો ધરાવતા વીજ ગ્રાહકે સૂર્ય ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરી સ્વવપરાશ ઉપરાંતની વધારાની વીજળી વેચી શકે એ માટેની સૂર્ય ગુજરાત સોલાર રૂફટોપ યોજના અંતર્ગત સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે, તેમ ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે. આજે વિધાનસભા ખાતે ટૂંકી મુદતના પ્રશ્ના પ્રત્યુત્તરમાં ઉર્જા મંત્રીએ કહ્યું છે કે, ઘર વપરાશમાં લગાવેલ સોલાર રૂફટોપ સિસ્ટમ થકી ગ્રાહકોના સ્વવપરાશ બાદ વધેલી વીજળી ૨.૨૫ પૈસા પ્રતિ યુનિટ રાજ્ય સરકારને વેચીને આવક મેળવી શકે છે. આ યોજનામાં ૩ કિલોવોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવા માટે ગ્રાહકને ૪૦% સબસીડી તથા ૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦% સબસીડી આપવામાં આવે છે.



સામાન્ય રીતે ૩ કિલોવોટની સોલાર સિસ્ટમ લગાવવામાં રૂા.૧,૩૯,૦૧૭નો ખર્ચ થાય છે. એમાંથી સબસીડી બાદ કરી ગ્રાહકે રૂા.૮૩૪૦૭ ભરવાના થાય છે. તેમણે ઉમેર્યું છે કે, આ યોજના અંતર્ગત ગૃપ હાઉસીંગ સોસાયટી, રેસીડેન્સીયલ વેલફેર એસોસીએશન સોસાયટીની સ્ટ્રીટલાઈટ લાઈટ, વોટર વર્કસ, લીફ્ટ, જીમ, સ્વીમીંગ પુલ ,બગીચો જેવી કોમન સુવિધાઓના વીજ જોડાણો માટે સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવા ૨૦% સબસીડી આપવામાં આવે છે અને ૫૦૦ કિલોવોટ ક્ષમતાની મર્યાદામાં સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરી શકાય છે. રાજ્યમાં આ યોજના અંતર્ગત નોંધાયેલી કુલ ૧,૨૮,૬૪૬ અરજીઓ પૈકી અત્યાર સુધીમાં ૧,૦૩,૫૫૪ ઘર વપરાશના ગ્રાહકોની છત પર કુલ ૩૮૯ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત થઈ ગયેલ છે જે પૈકી ૯૩,૨૮૨ સોલાર રૂફટોપ સિસ્ટમ કાર્યાન્વિત થઈ ગયેલ છે. જેની કુલ સ્થાપિત ક્ષમતા ૩૫૦ મેગાવોટ છે. ઉર્જા મંત્રીએ ઉમેર્યું છે કે, સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત આવનારા ૩ વર્ષમાં સૂર્ય ગુજરાત સોલાર રૂફટોપ યોજના થકી ૧૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક છે. આ યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં ૬૦૦ મેગાવોટનો લક્ષ્યાંક માટે રૂા.૧,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૦-૨૧માં પણ ૬૦૦ મેગાવોટનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તે માટે બજેટમાં રૂા.૯૧૨.૨૯ કરોડની જોગવાઈ કરી છે.

આ યોજનાને કારણે સ્વચ્છ અને પ્રદુષણ મુક્ત ઊર્જા ઉત્પન્ન થશે. વીજ બીલમાં પણ લોકોને રાહત થશે. એટલું જ નહીં પરંતુ ઘર વપરાશના વીજ ગ્રાહકો સ્વવપરાશ ઉપરાંતની વીજળી વેચીને આવક પણ કરી શકશે. ઉર્જા મંત્રી પટેલે ઉમેર્યું કે, સોલાર રૂફટોપ સ્થાપિત ક્ષમતામાં ભારતના ૩,૦૮૮.૭૪ મેગાવોટના લક્ષ્યાંકમાં ગુજરાતે તા.૩૧/૮/૨૦૨૦ સુધીમાં ૭૩૫.૧૮ મેગાવોટ સાથે ૨૪% હિસ્સા સાથે પ્રથમ ક્રમે રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિ આજે ગાંધીનગર મેડીકલ કોલેજમાં આવ્યા હતા. તેમણે એપ બેઠક અન્ય કોલેજો સાથે કરી હોવાનું જાણવા મળેલ છે.
- રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ અંતર્ગત આજે વિડીયો કોન્ફરન્સ કરી કેસો ચલાવવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં વધી રહેલા ચિકનગુનિયાના કેસોને પગલે તંત્રએ ફોગીંગ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે.
- ગુજરાત વિધાનસભાની બેઠક આજે વિરામના સમય સિવાય સતત ચાલી હતી.
- ગુજરાત સરકારે આજે પાંચ જેટલા કેગના અહેવાલો ગૃહમાં રજુ કર્યા હતા.
- ગાંધીનગર જિલ્લા સબ રજીસ્ટ્રારની કચેરીમાં વધુ એક કેસ કોરોના પોઝીટીવનો નોંધાયો હોવાનું બહાર આવવા પામ્યુ છે.

# શિક્ષણ માટે જમીન ખરીદવા કલેક્ટરની મંજૂરી નહીં લેવી પડે

ગાંધીનગર,તા.૨૫

સુધારા વિધેયકથી ગણોતધારામાં નવી ઉમેરાયેલ કલમ-૬૩-કકકથી સમગ્ર રાજ્યમાં હવે કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, શિક્ષણ, તબીબી શિક્ષણ કે આરોગ્ય જેવાં હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી નહિ લેવી પડે. આવી જમીનની ખરીદી કર્યા બાદ એક મહિનામાં જિલ્લા કલેકટરને જાણ કરી બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરપઝની જેમ જ જરૂરી પ્રમાણપત્રો મેળવીને નિયત સમયમાં પ્રોજેક્ટ કામગીરી શરૂ કરી શકાશે તેમ મંત્રીએ આ સુધારા વિધેયક રજૂ કરતાં જણાવ્યું હતું. મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આવી જમીન ખરીદી માટે બિનખેડૂત સંસ્થાઓ કે વ્યક્તિઓ એ જિલ્લા કલેકટર પાસે મંજૂરી મેળવવાનું આવશ્યક હોવાના પરિણામે લાંબા સમય સુધી ટાઇટલ કલીયરન્સ, ઈન્સ્પેકશન વગેરેમાં જતો સમય અને પ્રોજેક્ટ શરૂ કરવામાં થતા વિલંબની સમસ્યાનો હવે આ નવી ક્રાંતિકારી વ્યવસ્થાથી અંત આવશે.

મંત્રીએ ઉમેર્યુ હતું કે, ગુજરાત મેડીકલ-એન્જીનીયરીંગ અને વ્યવસાયિક શૈક્ષણિક ક્ષેત્ર સાથોસાથ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ સહિતનું હબ બન્યું છે ત્યારે મુખ્યમંત્રીએ કૃષિ, પશુપાલન યુનિવર્સિટી તેમજ તબીબી-ઈજનેરી શિક્ષણ અને અન્ય શૈક્ષણિક હેતુઓ માટે સરળતાએ જમીન ઉપલબ્ધ થઇ શકે તેવા ઉદાત્ત ભાવથી રાજ્યમાં હોલિસ્ટીક ડેવલપમેન્ટની નવી દિશા ખોલી આપી છે. મંત્રીએ ઉમેર્યુ હતું કે, રાજ્યમાં બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરપઝ માટે જમીન ખરીદી હોય પરંતુ કોઈ કારણસર ઉદ્યોગ શરૂ ન કરી શકે અને વેચાણ કરવાનું જરૂરી હોય ત્યારે પ્રમાણપત્રની તારીખથી ૩ થી ૫ વર્ષ માટે ૧૦૦ ટકા, ૫ થી ૭ વર્ષ માટે ૬૦ ટકા, ૭ થી ૧૦ વર્ષ માટે ૩૦ ટકા અને ૧૦ વર્ષ પછી ૨૫ ટકા પ્રવર્તમાન જંત્રીની રકમ વસુલ લઈને વેચાણની પરવાનગી આપી શકાશે.

વધુમાં, જીડીસીઆરની જોગવાઈ મુજબ ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શકય ન હોય તેવા કિસ્સામાં જીડીસીઆરની જોગવાઈ હેઠળ જાહેર કરેલ ઝોન મુજબ જમીનનો ઉપયોગ કરવાના હેતુ માટે પરવાનગી આપવામાં આવશે. આવી જમીનોના કિસ્સામાં કંપનીના મર્જર, જોઈન્ટ વેન્ચર, એમાલગ્મેશન કે પોતાની જ પેટા કંપની, ગૃપ કંપની અથવા સહયોગી કંપનીને તબદીલ કરાયેલ જમીનના કિસ્સામાં જંત્રીની ૧૦ ટકા રકમ વસુલીને પરવાનગી અપાશે.

# ગાંધીનગરમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ ઉજવાઈ

### મેયર રીટાબેન પટેલે પુષ્પાંજલિ અર્પણ કરી : સ્વચ્છતા અભિયાન તથા ફળ અને માસ્ક વિતરણ જેવા સેવા કાર્યો યોજાયા

ગાંધીનગર, તા.૨૫

આજે ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રિલાયન્સ ચાર રસ્તા ખાતે સ્થિત પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મેયર રીટાબેન પટેલ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વચ્છતા અભિયાન, માસ્ક તથા ફળફળાદિ વિતરણ જેવા સેવા કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.



ભારતીય જનસંઘથી માંડીને ભારતીય જનતા પાર્ટીની સ્થાપનામાં પાયાની ભૂમિકા ભજવનાર રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા સ્વ. પંડિત દિનદયાળ ઉપાધ્યાયની આજે જન્મજયંતી હતી. ગાંધીનગરમાં કુડાસણ વિસ્તારમાં રિલાયન્સ ચાર રસ્તા સર્કલે તેમની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવેલું છે. આજે ન્યુ ગાંધીનગર વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પંડિતજીની જન્મજયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના મેયર રીટાબેન પટેલે ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પિત કરી હતી. આ પ્રસંગે પુષ્પાંજલિ કાર્યક્રમ બાદ સેવા કાર્યો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં સફાઈ કાર્યક્રમ ઉપરાંત જરૂરિયાતમંદ



વર્ગના શ્રમિક પરિવારોના બાળકોને ફળ વિતરણ અને માસ્ક વિતરણ પણ યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના સ્થાનિક અગ્રણીઓ વાસુદેવ પટેલ, શોભનાબા વાઘેલા સહિત કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતાં.

## એન.પી.સી.સી. કોલેજમાં આત્મવિશ્વાસ અને વીલપાવર અંગે વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

કે.એસ. યુનિવર્સિટી-એન.પી.સી.સી. કોલેજ દ્વારા બી.બી.એ. અને બી.સી.એ. સ્ટુડન્ટ માટે આત્મવિશ્વાસ અને વીલ પાવર કઈ રીતે વધારવો તે અંગેનો બે કલાક વેબિનાર યોજાયો હતો. જેમાં ૨૨૫ થી વધુ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય વક્તા અને મોટીવેશન વિ.કેર ફાઉન્ડેશનના અધ્યક્ષ જે.સી. પટેલ હતા. બે કલાકના કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. મહેશભાઈ પટેલ અને તમામ ફેકલ્ટી મેમ્બર્સે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

